A.M./250-7-92

# ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર.

## નવી આયુર્વેદિક કોલેજના જોડાણ મેળવવા માટેનું અરજી પત્રક

નોંધ :—

૧. અરજીની સાથે જ એ. ૧૦૫ માં જણાવ્યા મુજબની અનામત રકમ મોકલવી.

૨. નીચેના બિડાણો આપવા :—

(અ) સંસ્થાના રજિસ્ટ્રેશન સર્ટિફિકેટની પ્રમાણિત નકલ.

(બ) સંસ્થાના બંધારણની નકલ.

(ક) મકાન, છાત્રાલય ઈત્યાદિના પ્લાન્સ (બનાવ્યા હોય તો )

(ડ) છેલ્લા બે વર્ષનાં અંદાજપત્રો.

૩. અધૂરી વિગતોવાળી અને / અથવા અનામત રકમ વિના મળેલી અરજી પરત કરવામાં આવશે.

૧. અરજી કરનાર સંસ્થાનું નામ અને પૂરું સરનામું.

૨. સંસ્થાની સ્થાપના કયારે થઇ ?

૩. સંસ્થાએ મેળવેલ રજિસ્ટ્રેશન સર્ટિફિકેટની તારીખ અને ક્રમાંક દર્શાવવો.

૪. સંસ્થાના હોદ્દેદારોના પૂરાં નામ અને સરનામાં.

૫. અરજી કરનારનું નામ, પૂરું સરનામું અને સંસ્થામાં તેમનો હોદ્દો.

૬. આ અરજી કરવા માટે સંસ્થાએ તેમને સત્તા આપી છે ?
હા, તો અત્રે સંસ્થાનો મજકૂર ઠરાવ ટાંકવો.

૭. કયા ગામમાં કોલેજ શરૂ કરવા માંગો છો ?

૮. કયા અભ્યાસક્રમો શીખવવા માંગો છો ?

૯. મજકૂર ગામની વસ્તી કેટલી છે ?

૧૦. મજકૂર ગામમાં અને / અથવા તેની આસપાસના ૫ માઇલની ત્રીજ્યામાં કોઇ આયુર્વેદિક કોલેજ છે ? હોઇ તો કઇ ?

૧૧. મજકૂર કોલેજ શરૂ કરવા માટે કયા વિશિષ્ટ કારણો છે ?

૧૨. કોલેજ શરૂ કરવા માટે મજકૂર ગામની શા માટે પસંદગી કરવામાં આવી છે ?

૧૩. કોલેજ શરૂ કરવાની પૂર્વ–તૈયારી રૂપે આચાર્ય અને અન્ય શિક્ષકોની નિમણૂંક અંગે કાંઇ પગલાં લેવામાં આવ્યા છે ? હોય તો નિમાયેલ શિક્ષકોનાં નામ, હોદ્દા, પગારધોરણ, શૈક્ષણિક લાયકાત, અનુભવ ઇત્યાદિની માહિતી દર્શાવવી.

૧૪. કોલેજ માટે હાલ મકાનની વ્યવસ્થા છે ? હા, તો તેમાં શી સગવડો છે ? દરેક ઓરડાઓના માપ આપવા.

૧૫. વિદ્યાર્થીઓ માટે છાત્રાલયની વ્યવસ્થા છે ? હા, તો વિગતો આપવી, ઓરડાનાં માપ સાથે.

૧૬. રમતગમતના મેદાનની વ્યવસ્થા છે ? હા, તો કેટલા સમચોરસવાર ખુલ્લી જગ્યા છે ?

૧૭. વિદ્યાર્થીઓને રમતગમતની શારીરિક તાલીમની તથા તબીબી રાહતની સુવિધાઓ આપવા માટે કઇ કઇ વ્યવસ્થા કરી છે ?

૧૮. ગ્રંથાલયની શી વ્યવસ્થા છે ?

*૧૯. પ્રયોગિક વિજ્ઞાન શીખવવા માટે શી વ્યવસ્થા રાખી છે ? જગ્યા, પ્રયોગશાળા, સાધનો ઇત્યાદિની માહિતી આપવી.

૨૦. સંસ્થા પાસે હાલ કેટલું નાણાં ભંડોળ છે ? કોલેજના મકાન વગેરે તથા નાણાંકીય ખોટ અંગે શી વ્યવસ્થા કરવામાં આવી છે ?

૨૧. સત્ર ફી કેટલી રાખી છે ? તે નક્કી કરવામાં આજુબાજુની કોલેજ સાથે સ્પર્ધાનું તત્વ રાખવામાં આવ્યું નથી તેની બાંહેધરી આપો છો ?

વધુમાં હું બાંહેધરી આપું છું કે, કોલેજને જોડાણ મલ્યા બાદ કોલેજના વહીવટકર્તાઓનાં અને અધ્યાપકોનાં જ્યારે જ્યારે કાંઇ ફેરફાર થશે, ત્યારે ત્યારે તુરત તેની યુનિવર્સિટીને જાણ કરવામાં આવશે. આ ઉપરાંત યુનિવર્સિટી તરફથી વખતોવખત જે કાંઇ માહિતી મંગાવવામાં આવશે તે પણ સત્વરે પૂરી પાડવામાં આવશે.

* તબીબી કોલેજો માટે જે હોસ્પિટલમાં ક્લિનિકલ શિક્ષણ માટે વ્યવસ્થા કરવાની હોય, તે હોસ્પિટલમાં કુલ પથારીઓ કેટલી છે? તેમાં તબીબી સાધનોની શી જોગવાય છે અને તેમાં નિવાસી અને નર્સિંગ સ્ટાફ કેટલો છે, તેની માહિતી આપવી.

---

સ્થળ.................................................... સહી....................................................

તારીખ.................................................... હોદ્દો....................................................